



# ધનસુરામાં ધોધમાર વરસાદ વરસ્યો

અરવલ્લી જિલ્લામાં ધોધમાર વરસાદ વરસ્યો હતો. જિલ્લામાં સાર્વત્રિક વરસાદ ખાબક્યો હતો. જિલ્લાના માલપુરમાં ૧ કલાકમાં ૧.૭૫ ઈંચ વરસાદ વરસ્યો હતો. તો મોડાસામાં ૧.૫ ઈંચ વરસાદ નોંધાયો હતો. ભિલોડા મેઘરજ અને ધનસુરામાં એક એક ઈંચ વરસાદ વરસ્યો હતો. બાયડમાં ૧૨ મીમી વરસાદ નોંધાયો હતો. ધોધમાર વરસાદથી માલપુરના બજારોમાં નદી જેવા દ્રશ્યો જોવા મળ્યા હતા. જિલ્લામાં સવારથી જ વાદળછાયા વાતાવરણ વચ્ચે વરસાદ વરસ્યો હતો. જિલ્લાના ધનસુરામાં ધોધમાર વરસાદ વરસ્યો હતો. ધોધમાર વરસાદ વરસતા રોડ પર પાણી ભરાયા હતા. પાણી ભરાતા વાહનચાલકોને મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો. સારા વરસાદથી જિલ્લાના ખેડૂતોમાં ખુશી જોવા મળી હતી.

## ભિલોડાના નવા વેણપુરના ગ્રામજનો હજુ રોડ-રસ્તાથી વંચિત

ભિલોડા, તા. ૩૦

ભિલોડા તાલુકાની કારછા ગ્રુપ ગ્રામ પંચાયત વિસ્તારમાં સમાવેશ ગામ નવા વેણપુરા આ ગામ સુવિધાઓનો અભાવ જોવા મળી રહેલ છે જેમાં પ્રાથમિક સુવિધા સ્મશાન તેમજ રસ્તો ગામના માર્ગો પેટા આરોગ્ય કેન્દ્ર પશુ દવાખાનુ જે હાલની



સ્થિતિએ બહુ જરૂરી પાયાની સેવાઓ છે. સરકારરી તંત્ર દ્વારા પણ વિકાસગાથા ગાઈ દર વર્ષે આયોજન કરી વિકાસના કામો કરવામાં આવે છે પરંતુ ગામની મૂળભૂત પ્રાથમિક જરૂરિયાતો પર બિલકુલ ધ્યાન આપવામાં આવતું નથી તે જોતા એમ લાગે છે કે વિકાસની માત્ર વ્યાખ્યાતા છે. આ બાબતે ગ્રામ પંચાયત તેમજ તાલુકા પંચાયત દ્વારા શું પગલા લેવામાં આવે છે તે જોવું રહયુ. ગ્રામજનોના મંતવ્ય જાણતા અનેકવાર તેઓ રજૂઆત કરી ચૂક્યા છે પરંતુ આયોજનમાં લીધું છે એવી જ વાતો કહેવા પૂરતું જ છે. આખા ગામમાં એક જ સ્મશાન આવેલ છે જે અંતિમ ક્રિયા માટે ગામલોકો દ્વારા ઉપયોગમાં લેવાય છે પરંતુ સ્મશાનમાં જવા માટે નથી રસ્તો કે નથી પગદંડી વાત હાલ ચોમાસાની સિઝનમાં સ્મશાને આવવા-જવા ગ્રામજનોએ નનામી લઈ ઉભા પાકમાં થઈ જવું પડે છે. ગ્રામજનો દ્વારા દર વર્ષે રજૂઆત કરવામાં આવે છે પરંતુ સરકારી કચેરીઓ જાણે આંખ આડા કાન કરી લીધા છે. આઝાદી પછીના દિવસોમાં ગ્રામજનો દ્વારા અંતિમ ક્રિયા હેતુ ગ્રામીણ ભગોળ સ્મશાનની જગ્યા કરેલ પરંતુ છ દાયકા વીત્યા બાદ પણ કોઈ પણ પ્રકારનો રસ્તો બનેલ નથી ત્યારે ગ્રામજનોમાં રોષ ફાટી નીકળ્યો છે. ત્યારે ગ્રામ પંચાયતની પણ ઘોર બેદરકારી સામે આવી છે આટલા વર્ષો પછી પણ ગામમાં પ્રાથમિક સાંભળવા મળી છે છેલ્લા ૨૦ વર્ષથી આયોજનમાં લેવાયું હોવા છતાં હજી સુવિધાઓની બાબતોમાં કોઈ પ્રગતિ જોવા મળી નથી.



### વરસતા વરસાદમાં પોલીસજવાનો રાજ્યની સુરક્ષામાં અડગ

## અરવલ્લીની આંતરરાજ્ય ઉંડવા બોર્ડર પર ચોકીના અભાવે સુરક્ષાકર્મી તંબુમાં રહેવા મજબૂર

સમગ્ર રાજ્યમાં ચેકપોસ્ટ તો દૂર કરવામાં આવી છે પરંતુ આંતરરાજ્ય સરહદ પર જે તે સ્થાનિક પોલીસ રાજ્યના સીમાડાઓ પર દિવસ-રાત ફરજ બજાવી રહી છે. ગુજરાતમાં એકબાજુ પોલીસ ચોકીનું અધધ મહિને ૫૦ હજાર રૂપિયા જેટલું ભાડું ચુકવવામાં આવે છે બીજી બાજુ કેટલાક પોલીસ સ્ટેશન અને પોલીસ ચોકીઓ સમારકામ માંગી રહ્યા છે. ત્યારે રાજસ્થાન રાજ્યને અડીને આવેલી અરવલ્લી જીલ્લાની આંતરરાજ્ય સરહદ મેઘરજના ઉંડવા બોર્ડર પર ચોકીના અભાવે પોલીસકર્મીઓ વરસતા વરસાદમાં જીવના જોખમે તંબુ બાંધી ફરજ બજાવી રહ્યા છે. પોલીસકર્મીઓ ફરજ પડતી મુશ્કેલીઓ અંગે શિસ્તભંગના પગલાની બીકે રજુઆત કરતા પણ ખચકાઈ રહ્યા છે.

મેઘરજ તાલુકાના ઉન્ડવા બોર્ડર પર ચેકપોસ્ટની ઑફિસ રૂમ ન હોવાથી બોર્ડર ઉપર



તૈનાત સુરક્ષાકર્મીઓ તંબુ બાંધીને રહે છે. જેને લઈને ઉન્ડવા ચેકપોસ્ટ ઉપર ઓફિસ રૂમ બનાવવા માંગ ઉઠી છે. મેઘરજ તાલુકો રાજસ્થાન સરહદ અડીને આવેલો તાલુકો છે. મેઘરજથી પંદર કિલોમીટરે ઉન્ડવા ગામથી રાજસ્થાનની સરહદ લાગે છે જેમાં વર્ષો પહેલા ઉન્ડવા બોર્ડર ઉપર ચેકપોસ્ટનું જૂનું છાપરું હતું પરંતુ તે છાપરૂ હાલ અસ્તિત્વમાં જ નથી જેથી બોર્ડર ઉપર હાલ ફરજ પર તૈનાત સુરક્ષાકર્મીઓને ચોમાસુ, શિયાળો અને ઉનાળામાં આમ ત્રણે ઋતુમાં વરસાદ અને ઠંડી તાપ સહન કરવો પડે છે. રાત દિવસ રાજસ્થાનથી ગુજરાત અને ગુજરાતમાંથી રાજસ્થાનમાં મોટી સંખ્યામાં વાહનોની અવરજવર રહે છે જે તમામ વાહનોના બોર્ડર ઉપર સુરક્ષાકર્મીઓ દ્વારા ચેકીંગ થાય છે. થોડા વિશ્રામ કે આરામ માટે કર્મીઓને સ્થળ ઉપર ઓફિસ રૂમ ન હોવાથી રોડ સાઈડે તાડપત્રીથી તંબુ બનાવી તંબુમાં કર્મીઓ રહે છે. ચોમાસા દરમ્યાન તંબુમાં અને તંબુની આજુબાજુ વરસાદી પાણી ભરાતા સુરક્ષા કર્મીઓને ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડતો હોય છે જેથી તાલુકાની ઉન્ડવા બોર્ડર પર પાકી ઓફિસ સુરક્ષાકર્મીઓ માટે બનાવવામાં આવે તો ફરજ પરના સુરક્ષા કર્મીઓની મુશ્કેલી દૂર થાય.

## મહેસાણાના ખેરવા ખાતે ૫ કરોડના ખર્ચે નિર્મિત સરકારી આયુર્વેદિક હોસ્પિટલનું લોકાર્પણ

મહેસાણા, તા. ૩૦

આખા વિશ્વમાં સ્વાસ્થ્ય પ્રત્યેની નિરામય જીવનની આરોગ્ય સંભાળ માટેની સાર્વત્રિક જાગૃતિનું વાતાવરણ છે ત્યારે ભારતીય વિરાસત એવા આયુર્વેદની વિશ્વપ્રતિષ્ઠા માટે આયુર્વેદ માટેની વિશ્વસનિયતા પ્રસ્થાપિત થઈ છે તેમ ખેરવા ખાતે આયુર્વેદિક હોસ્પિટલના લોકાર્પણ પ્રસંગે નાયબ મુખ્યમંત્રી નિતીનભાઈ પટેલે જણાવ્યું હતું.

નાયબ મુખ્મમંત્રીએ ઉમેર્યું હતું કે કોરોના સંક્રમણ બાદ આયુર્વેદ વિશે દુનિયાભરમાં નવો વિશ્વાસ જાગ્યો છે તેમજ ભારતીય ચિકિત્સા તથા આયુર્વેદની સાંસ્કૃતિક વિરાસત માટેનું આકર્ષણ વધ્યું છે.

નાયબ મુખ્યમંત્રીએ ઉમેર્યું હતું કે આયુર્વેદ ચિકિત્સા પધ્ધતિથી થતી સારવારથી જટીલ રોગ જડમુળથી નાશ પામે છે તેમ જણાવી ખેરવા ખાતે સરકાર દ્વારા વિનામૂલ્યે આયુર્વેદિક સારવાર અપાઈ રહી છે તેમ જણાવ્યું હતું. તેમણે ઉમેર્યું હતું કે રૂ ૫ કરોડના ખર્ચે તૈયાર થયેલ આયુર્વેદિક હોસ્પિટલમાં આગમી સમયમાં ફીજીયોથેરાપીની સગવડ પણ ઉપલ્બધ થનાર છે. આ હોસ્પિટલમાં ઓ.પી.ડી, આઈ.પી.ડી. પંચકર્મ જેમાં સ્નેહન, સ્વેદન, વમન, વિરેચન, બસ્તિ, નસ્ય અને રકતમોક્ષણ જેવી સારવાર ઉપલ્બધ છે. આ ઉપરાંત આયુર્વેદિની મહત્વની સારવાર એવી અગ્નિકર્મ, મર્મચિકિત્સા, યોગ, પ્રાણાયમ જેવી સારવારનો નાગરિકો લાભ લઈ શકે છે તેમ જણાવ્યું હતું.



વિશ્વમાં પ્રકૃતિ દિવસના સંરક્ષણનો પ્રારંભ સર્વ પ્રથમ ઈસુના પહેલાં ત્રીજી સદીમાં સમ્રાટ અશોકે કર્યો હતો. પ્રકૃતિના મહત્વને સ્વીકારતાં વન્ય જીવજંતુઓના શિકાર પર અંકુશ અને તેના રક્ષણ માટેના નિયમો પણ એના સમયમાં બન્યા. જે આજે શિલાલેખમાં જોવા મળે છે. આજે ગ્લોબલ વોર્મિંગના કારણે દેશની દુનિયામાં આ પૃથ્વી ઉપર વસતાં દરેક જીવને નુકસાન થઈ રહ્યું છે ત્યારે આજનો આ દિવસ સૌને પ્રેરણા આપતું દિવસ છે. આ દિવસે જાયન્ટસ મોડાસા દ્વારા જાયન્ટસ પીપલ ફાઉન્ડેશનના વા. ચેરમેન નિલેશભાઈ જોશી, પ્રમુખ નરેન્દ્રભાઈ પટેલ, મંત્રી પ્રવીણભાઈ પરમાર, મુકુંદભાઈ શાહ, જીમિત શાહ સાથે તુલસી વિતરણ તુલસી પૂજન કરી આજના દિવસની ઉજવણી કરી.

## પ્રાંતિજના મોયદ ખાતે માટીમાંથી ભગવાન ગણેશજીની મૂર્તિ બનાવી સ્થાપના બાદ વિસર્જન

પ્રાંતિજ, તા. ૩૦

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજના મોયદ ખાતે આવેલ સ્વામિનારાયણ મંદિર ખાતે સ્વામિનારાયણ મંદિર ખાતે મૂર્તિનું સ્થાપન કરવામાં આવ્યું હતું. સવાર-સાંજ દાદાની પૂજા અર્ચના બાદ આજે ભગવાન ગણેશજીની



મંદિરના મહંતસ્વામી ગોપાલસ્વામીના માર્ગદર્શન હેઠળ દિનેશ ભગત દ્વારા ગણેશજીની માટીમાંથી સુંદર મૂર્તિ બનાવવામાં આવી હતી અને મોયદ મૂર્તિનું વિસર્જન કરવામાં આવ્યું હતું. મૂર્તિ વિસર્જન દરમ્યાન સરકારના નિયમોનું ચુસ્તપણે પાલન થયું હતું અને સોશિયલ ડિસ્ટન્સનું પાલન જોવા મળ્યું હતું.

## પ્રાંતિજ પોલીસને વણ શોધાયેલ ગુન્હો શોધી કાઢવામાં સફળતા

પ્રાંતિજ, તા.૩૦

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ પોલીસને વણ શોધાયેલ વાહન અકસ્માતનો ફેટલનો ગુન્હો શોધી કાઢવામાં સફળતા મળી હતી.

પ્રાંતિજ પોલીસની અલગ અલગ ટીમો બનાવી સને ૨૦૨૦ની સાલમાં કરોલ ગામની સીમમાં મજરા તલોદ જતા રોડ ઉપર મોટરસાઈકલ નં.જી.જી૦૯ ડીડી ૬૬૧૬ ને કોઈ અજાણ્યા વાહનચાલકે પોતાના વાહનથી ટકકર મારી અશ્વિનસિંહ લક્ષ્મણસિંહ ચૌહાણને માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોચાડી મોત નિપજાવી પોતાનું વાહન લઈને નાસી ગયેલ જે ગુન્હો શોધી કાઢવા ટેકનીકલ સર્વેલન્સના માધ્યમથી હકીકત મળેલ કે વાહન અકસ્માત કરનાર વાહન ડમ્પર નં.જી.જી.-૩૧ ટી ૩૦૦૩નું તથા તેનો ચાલક પરમાર રમેશભાઈ મણાભાઈ રહે નવી બોરવાઈ ધનસુરા જી.અરવલ્લીના હોય અને રમેશભાઈ ઉપરોક્ત ડમ્પર લઈને તલોદથી મજરા થઈ ગાંધીનગર જવાના હોવાની ચોક્કસ બાતમી મળતા મજરા ત્રણ રસ્તા ખાતે વોંચ ગોઠવતા બાતમી હકીકતવાળુ ડમ્પર આવતા તેને રોકી ચાલકને નીચે ઉતરી તેનું નામઠામ પુછતા નામ જણાવેલ જેને બનાવ હકીકત સંબંધે યુકિત પ્રયુક્તિથી પુછતા પોતે ગુન્હાની કબુલાત કરતા કાયદેસર કાર્યવાહી કરવામાં આવેલ છે.

## અરવલ્લીના ગ્રામ્ય વિસ્તારોમાં કોરોનાનું સંક્રમણ ધીરે ધીરે ફૂંફાડો મારી રહ્યું છે વધુ પાંચ કેસ

મોડાસા, તા. ૩૦

અરવલ્લી જીલ્લા સહીત મોડાસા શહેરમાં થોડા દિવસ માટે નબળો પડેલો કોરોના વાયરસ ફરીથી સક્રિય થયો હોય તેમ ૭૨ કલાકમાં ૨૧ લોકો કોરોના પોઝેટીવ દર્દીઓ નોંધાતા આરોગ્યતંત્રમાં ભારે દોડધામ મચી છે. જીલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં માસ્ક અને સોશ્યલ ડિસ્ટન્સ જળવાતું નથી. બીજી બાજુ કોરોનાના કેસ ગ્રામ્ય વિસ્તારોમાં વધુ બહાર આવતા આગામી સમયમાં આરોગ્યતંત્ર અને વહીવટીતંત્ર ગ્રામ્ય વિસ્તારોમાં કોરોનાને પ્રસરતો અટકાવવા ભારે પરસેવો પડાવી શકે છે.

અરવલ્લીમાં ઓગસ્ટના પ્રારંભથી જ કોરોનાના કેસોમાં ઘટાડો નોંધાયો હતો. ત્યારે જિલ્લામાં શનિવારના રોજ કોરોના વિસ્ફોટ થયા બાદ રવિવારે પણ વધુ ૫ કોરોના પોઝેટીવ દર્દીઓ નોંધાતા લોકો ચિંતીત બન્યા છે. ગ્રામ્ય વિસ્તારોમાં સતત નોંધાઈ રહેલા કોરોનાગ્રસ્ત દર્દીઓને પગલે કોરોનાગ્રસ્ત દર્દીઓ મળી આવેલ ગામડાઓમાં ફફડાટ જોવા મળી રહ્યો છે. મોડાસા શહેરમાં બે, તાલુકામાં-૧ અને મેઘરજ અને માલપુર તાલુકામાં કોરોનાગ્રસ્ત દર્દીઓ મળી આવ્યા છે.

રવિવારે વધુ ૫ નવા કોરોના પોઝેટીવ કેસ નોંધાયા હતા જેમાં મોડાસા શહેરની દેવભૂમિ સોસાયટીમાં રહેતા ૬૮ વર્ષીય વૃદ્ધા, ચાંદટેકરી વિસ્તારમાં રહેતો ૩૦ વર્ષીય યુવક, મોડાસા તાલુકાના ફરેડી ગામનો ૨૮ વર્ષીય યુવાન તેમજ ધનસુરાના કંજરીકંપા ૫૩ વર્ષીય આધેડ અને મેઘરજ તાલુકાના વાવકંપાનો ૨૮ વર્ષીય યુવક કોરોનામાં સપડાયો હતો અત્યાર સુધી જીલ્લામાં ૪૯ લોકોને ભરખી ગયો છે.

## ભારત વિકાસ પરિષદ મોડાસા દ્વારા પ્રકૃતિ વંદન કરવામાં આવ્યુ

હિન્દુ આધ્યાત્મિક અને સેવા સંસ્થાન તથા પર્યાવરણ સંરક્ષણ ગતિવિધિના સંયુક્ત ઉપક્રમે સમગ્ર દેશમાં વન પર્યાવરણ અને જીવસૃષ્ટિ સરક્ષણના હેતુથી “ પ્રકૃતિ વંદન” કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યુ હતું.

પ્રકૃતિ સાથે સંવાદિતા કેળવીને જીવવું એ આપણી ભારતીય સંસ્કૃતિ અને પરંપરાઓના રોજીંદા વહેવારમાં ગૂંથાઈ ગયેલી વિશેષતા છે. હાલના વર્તમાન સમયમાં જ્યારે માનવ દ્વારા સ્થાપિત આર્થિક હિતો પ્રકૃતિ અને જીવસૃષ્ટિ માટે પડકારો ઉભા કરી રહ્યા છે ત્યારે, આ પ્રકૃતિ અને પ્રાકૃતિક સંસાધનોનું સવર્ધન અને સંરક્ષણ એ બહુ જ અઘરૂ કાર્ય થઈ પડે છે અને આપણા સૌની જવાબદારી વધારી જાય છે. એવા શુભ આશયથી આયોજિત કાર્યક્રમના પ્રતિભાવમાં મોડાસા ભારત વિકાસ પરિષદના નવનિયુક્ત પ્રમુખ ડૉ. નાગેન્દ્રસિંહ બીહોલા અને મહામંત્રી રાજેન્દ્રભાઈ પટેલ અને ઉપપ્રમુખ બિહારીભાઈ પટેલે સૌ સભ્યોને આ પ્રકૃતિ વંદન કાર્યક્રમમાં જોડાવા આહવાન કર્યુ હતું. જેમાં મોટી સંખ્યામાં ઑનલાઈન રજિસ્ટ્રેશન કરવામાં આવ્યા હતા. આર.એસ.એસ.ના વડા મોહનજી ભાગવતની ઉપસ્થિતિમાં ૩૦ ઓગષ્ટ ૨૦૨૦, રવિવાર સવારે ૧૦ થી ૧૧ દરમ્યાન આયોજિત કાર્યક્રમને પ્રસાર માધ્યમોમાં જીવંત પ્રસારિત



કરવામાં આવ્યો હતો. સમગ્ર ભારતના પ્રકૃતિપ્રેમીઓની સાથે મોડાસાની ભારત વિકાસ પરિષદના સભ્યોએ પણ પોતાના ઘરે સપરિવાર પૂજન-વંદન કર્યુ હતું. ત્રણવાર કાર સાથે વૃક્ષ/છોડને તિલક નાડાછડીનું રક્ષાસૂત્ર બાંધી પાણીનો અર્ઘ્ય કરી, આરતી અને પાંચ વખત વૃક્ષ પરિક્રમા અથવા છોડની પ્રદક્ષિણા કરવામાં આવી હતી. દરરોજ પાણી આપવાનો સંકલ્પ લીધો હતો. આ મહામારીના સમયમાં આવા ભગીરથ કાર્ય માટે “પ્રકૃતિમાતા અને પૃથ્વીમાતા” પ્રત્યે આદર અને સન્માન પ્રકટ કરવાના ભાગરૂપે એક મહત્વાકાંક્ષી કાર્યક્રમ એક સાથે ભારતના ૨૪ રાજ્યોમાં આયોજિત થયો હતો.